Letter No: WCDD/0152/02/2024 Dt: 12-02-2024

આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાએ કન્સલ્ટન્ટ તેમજ ઘટક કક્ષાએ આધાર નોંધણી ઓપરેટરની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/19/B1

સચિવાલય ગાંધીનગર

વંચાણે લીધાઃ-

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ, તા. ૧૯/૦૮/૨૦૧૯

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ,, તા.૦૯/૦૭/૨૦૨૦

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ, તા.૨૨/૦૩/૨૦૨૧

(4) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ, તા.૧૭/૦૩/૨૦૨૨

(5) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/19/B1 તા. ૦૮/૦૮/૨૦૨૩

**આમુખ**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા અને ઘટક કક્ષાએ કન્સલ્ટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરની સેવા ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા (૨), (૩), (૪) અને (૫) પરના ઠરાવથી ઉક્ત આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવામાં આવેલ હતી. વંચાણે લીધા (૫) પરના ઠરાવમાં સુધારા ઠરાવ તથા આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાના ૩૩ ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટન્ટ (UID) અને ઘટક કક્ષાના ૪૨૬ આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટરની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

વંચાણે લીધા (૫) પરના ઠરાવમાં જિલ્લા કક્ષાના ૩૩ ડિસ્ટ્રિક્ટ કન્સલ્ટન્ટ ની જગ્યાઑ અને ઘટક કક્ષાના ૪૨૬ આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાઑની સેવાઓ તા.૨૮/૦૨/૨૦૨૩ થી વધુ ૧૧ માસ ના બદલે તા.૦૧/૦૨/૨૦૨૩ થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવે છે.

વંચાણે લીધા (૫) પરના ઠરાવમાં શ્રમ આયુક્તશ્રી, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રથી લઘુતમ વેતન બહાર પાડવામાં આવેલ હોઈ, આધાર નોંધણી ઓપરેટરના માસિક પગાર રૂ.૧૪,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) નું ચુકવણું જાન્યુઆરી-૨૦૨૩ ની જગ્યાએ એપ્રિલ-૨૦૨૩ થી કરવાની મંજૂરી આપવામાં આવે છે. માર્ચ-૨૦૨૩ સુધી આધાર નોંધણી ઓપરેટરની આઉટસોર્સની સેવાઓ માટે માસિક રૂ.૧૨,૭૫૯/- (રૂ.૧૦,૬૦૦+ રૂ.૨૧૨ સર્વીસ ચાર્જ+ રૂ.૧૯૪૭ GST)) ફિક્સ વેતન મુજબનું ચુકવણી કરવાની મંજુરી આપવામાં આવે છે.

જિલ્લા કક્ષાના ૩૩ ડિસ્ટ્રિક્ટ કન્સલ્ટન્ટ ની જગ્યાઓ અને ઘટક કક્ષાના ૪૨૬ આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાની સેવાઓની આઉટસોર્સની સેવાઓની મુદ્દત તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ પૂર્ણ થયેલ હોઈ આ જગ્યાઓની સેવાઓ લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબના મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે તે મુજબ મુદ્દત પૂર્ણ થયા તારીખથી વધુ ૧૧ માસ માટે સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.

૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો એક માસ અગાઉથી આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૫/૦૨/૨૦૨૪ની નોધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.02.14
12:52:33 +05:30

File No: WCDD/DRA/e-file/23/2022/0019/B1 Branch
Approved By: Secretary,WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Letter No: WCDD/0152/02/2024 Dt: 12-02-2024

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........................
4. નાયબ નિયામકશ્રી વિભાગીય, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........................
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
10. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.02.14
12:52:33 +05:30

File No: WCDD/DRA/e-file/23/2022/0019/B1 Branch
Approved By: Secretary,WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign